અપીલ અરજી નં.૧૦૮ તા.૭-૬ -૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૭–૫–૧૧ ની અરજીથી શ્રી અશોક બી. આદક વિ. સુરત મ્યુ. કોર્પો. ધ્વારા નામદાર હાઈકોર્ટ ખાતે દાખલ થયેલ સ્પે.સી.એ. નં.૨૧૮૬૮/૦૭ માં ના. કોર્ટના તા.૨૮–૯–૦૭ ના હુકમ મુજબ સુ.મ.ન.પા ને જરી ઉદ્યોગ બાબતની માહિતિ રજુ કરવા જણાવેલ હતુ બાદમાં જરી ઉદ્યોગના માલિકો પાસેથી જરૂરી બાંહેધરી લઈ તા.૭–૧૨–૦૭ ના રોજ મેટર ડિસ્પોઝ કરવા હુકમ કરેલ છે તે મુજબ સુ.મ.ન.પા. એ નામદાર હાઈકોર્ટમાં જરી ઉદ્યોગ બાબતની કઈ કઈ રજુઆત લેખીતમાં કરેલ તેની સંપુર્ણ નકલ તેમજ સુ.મ.ન.પા. એ જરી ઉદ્યોગોના માલિકો પાસેથી જરૂરી બાંહેધરી લઈ નામદાર હાઈકોર્ટમાં રજુ કરેલ તે કોપી ફાળવવી તેમજ રેકોડ મેન્યુલ આધારીત માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૭–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૦૮/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ. પટેલની તા.૭–૫–૧૧ ની અરજીથી શ્રી અશોક બી. આદક વિ. સુરત મ્યુ. કોર્પો. ધ્વારા નામદાર હાઈકોર્ટ ખાતે દાખલ થયેલ સ્પે. સી.એ. નં.૨૧૮૬૮/૦૭ માં ના. કોર્ટના તા.૨૮–૯–૦૭ ના હુકમ મુજબ સુ.મ.ન.પા ને જરી ઉદ્યોગ બાબતની માહિતી રજુ કરવા જણાવેલ હતુ બાદમાં જરી ઉદ્યોગના માલિકો પાસેથી જરૂરી બાંહેધરી લઈ તા.૭–૧૨–૦૭ ના રોજ મેટર ડિસ્પોઝ કરવા હુકમ કરેલ છે તે મુજબ સુ.મ.ન.પા. એ નામદાર હાઈકોર્ટમાં જરી ઉદ્યોગ બાબતની કઈ કઈ રજુઆત લેખીતમાં કરેલ તેની સંપુર્ણ નકલ તેમજ સુ.મ.ન.પા. એ જરી ઉદ્યોગોના માલિકો પાસેથી જરૂરી બાંહેધરી લઈ નામદાર હાઈકોર્ટમાં રજુ કરેલ તે કોપી ફાળવવી તેમજ રેકોડ મેન્યુલ આધારીત માહિતિ આપવા બાબત નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૮ તા.૧૩–૬–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૭–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા. ૭–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપેલ હોવાનું જણાતું નથી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૫–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ બાબત હેઠળના અદાલતી હુકમ અંગે આરટીઆઈ એકટની કલમ–૮(૧)(બી) ના અપવાદ અંગે ચકાસણી કરી જો અપવાદ હેઠળ આવતી ન હોય તો અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેથી જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અન્યથા અપવાદ સહિત અરજદારને સૂચિત કરી તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ( સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ.એમ.પટેલ.,૪/૩૬૬